# શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટ સંસ્થાન
# સત્સંગ પરીક્ષા ૨૦૨૦
પરીક્ષા : ૧ । July 04, 2020

## સત્સંગ સૌરભ: ભાગ-૧ ના પ્રસંગ ૧ થી ૮ ના સેમ્પલ પ્રશ્નો
(પરીક્ષામાં આ સિવાયના પણ કોઈક પ્રશ્ન આવી શકે)

### પ્રસંગ ૧
1. ભાવનગરના રાજવીનું નામ શું હતું?
2. રાજના અમલદારોને રૂપાભાઇ એ આંખમાં કણાની જેમ શા માટે ખૂંચતા હતા?
3. રૂપાભાઈને નોકરીમાંથી શા માટે છૂટા કર્યાં હતા?
4. રૂપાભાઈને નોકરીમાંથી કેટલા મહિનાથી છૂટા કર્યાં હતા?
5. રૂપાભાઇને શ્રીજી મહારાજે સિંહને મારવા જતી વખતે દરબારની કઈ વસ્તુ સાથે લઇ જવા કહ્યું હતું?
6. રૂપાભાઈએ સિંહને વાઢમાંથી બહાર લાવવા માટે શું કર્યું?
7. સિંહને પકડવા જતાં રૂપાભાઈ ને ક્યાં વાગ્યું જેમાંથી લોહી ટપકતું હતું?
8. રૂપાભાઈની ધીરજ, પ્રભુનિષ્ઠા, વફાદારી અને શૂરવીરતાને બિરદાવવા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ ક્યુ પદ બનાવ્યું?

### પ્રસંગ ૨
9. પુરાણી ગોપીનાથદાસજી સ્વામી કોના કૃપાપાત્ર શિષ્ય હતા?
10. અદભુતાનંદ સ્વામીના શરીરમાં કળતર કેમ રહેતી હતી?
11. ગોપીનાથદાસજી સ્વામીએ વડતાલમાં કેટલા વર્ષ સુધી અભ્યાસ કર્યો હતો?
12. ગોપીનાથદાસજી સ્વામીએ વડતાલમાં ક્યા સંતનો રાજીપો મેળવ્યો હતો?
13. ગોપીનાથદાસજી સ્વામીએ અદભુતાનંદ સ્વામીને કેવી રીતે રાજી કર્યાં હતા?
14. અદભુતાનંદ સ્વામીએ ગોપીનાથદાસજી સ્વામીને રાજી થઈને કેવા આશીર્વાદ આપ્યા હતા?
15. સંવત 1945 માવા-મુસા કંપનીવાળા શેઠે રાજકોટના આંગણે કરેલી પારાયણમાં ક્યા આચાર્યશ્રીને તેડાવ્યા હતા?
16. સં. ૧૯૬૪માં કઈ પીઠના શંકરાચાર્યએ દ્વેષથી આપણા સંપ્રદાય સામે અકારણ કલહ કર્યો હતો?
17. શારદાપીઠના શંકરાચાર્યનું નામ શું હતું?

## પ્રસંગ 3

18. વાંકિયા ગામના કાઠી દરબારનું નામ શું હતું?
19. દરબાર આલેક વાળાની ભેંસ ટંકે કેટલું દૂધ આપતી હતી?
20. દેવરાજ બાપા ક્યા ગામના હતા?
21. દેવરાજ બાપાએ ભેંસની પાસે બેસીને ક્યુ કીર્તન ગાયું?
22. વાંકીયાના કાઠી દરબારે પ્રભાવિત થઈને મંદિરને શું આપ્યું હતું?
23. મરી ગયેલી ભેંસને સજીવન કરનારા વાંકિયા ગામના ભક્તરાજ કોણ હતા?

## પ્રસંગ ૪

24. ક્યા સ્વામીને બંને હાથમાં ગેગ્રીનનો રોગ થયો હતો?
25. શાસ્ત્રીજી મહારાજના ગુરુભાઈ કૃષ્ણજીવનદાસજી સ્વામીનું બીજું નામ શું હતું?
26. માનત સ્વામી ગોંડલ મંદિરના મહંત કેટલા વર્ષ સુધી રહ્યા હતા?
27. કૃષ્ણજીવનદાસજી સ્વામી રાજકોટ મંદિરમાં કેટલા વર્ષ સુધી મહંત રહ્યા હતા?
28. જોગી સ્વામીના ગુરુનું નામ શું હતું?
29. જોગી સ્વામીનું આખું નામ શું હતું?
30. ક્યા વૈધની સલાહ મુજબ પાંચ શેર દેશી એરંડિયું મંગાવવામાં આવ્યું હતું?
31. રાધારમણપ્રસાદદાસજી સ્વામી ક્યા મંદિરમાં રહેતા હતા?
32. રાધારમણપ્રસાદદાસજી સ્વામીને નિદાન માટે રાજકોટ લઈ ગયું હતું?

## પ્રસંગ ૫

33. મોટી બોરુ ગામમાં કોણ સાધુને મારઝૂડ કરી ત્રાસ આપતો હતો?
34. ગગનગર બાવો કોના ઓથે સંતોને ત્રાસ આપતો હતો?
35. નાની બોરુ ગામના ક્યા ભક્તએ શ્રીજી મહારાજને ગગનગર બાવાના ત્રાસની ફરિયાદ કરેલી?
36. વિહાભાઇ મુખીને શ્રીજી મહારાજે શેની પ્રસાદી આપી?
37. શ્રીજી મહારાજે વિહાભાઈને ક્ષત્રિયોની કુળપરંપરાનો શું ધર્મ સમજાવ્યો હતો?
38. નાની બોરુ ગામના મુખીનું નામ શું હતું?
39. મોટી બોરુના દરબાર કોણ હતા?

## પ્રસંગ ૬

40. જૂનાગઢ મંદિરની હવેલી ક્યા સંતોના માર્ગદર્શન પ્રમાણે બની રહી હતી?
41. હરિભક્તો નદીમાંથી લાવેલ પાણાઓ ને હવેલીના પાયામાં નાખે એટલે ત્યાં ઊભા રહીને ગુણાતીતાનંદ સ્વામી શું બોલતા હતા?

42. જૂનાગઢનું સ્વામિનારાયણ મંદિર કયા વિસ્તારમાં આવેલું છે?
43. જુનાગઢ મંદિરની હવેલી માટે પાયાના પથ્થરો ક્યાંથી લાવવામાં આવતા હતા?
44. ઈર્ષાળુઓએ જૂનાગઢના સ્વામીનારાયણ મંદિર વિરુદ્ધ કંઈ ફરિયાદ નોંધાવી હતી?
45. જૂનાગઢ મંદિર વિરુદ્ધ થયેલી ફરિયાદ માટે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને શી પ્રાર્થના કરી?
46. મંદિર માટે કાળવા નદીમાંથી લાવેલા પથ્થર શ્રીજી મહારાજે કેવી રીતે પાછા આપ્યા?

## પ્રસંગ ૭

47. સ્થિતપ્રજ્ઞ ભક્તરાજ ગીગા ધાધલના જીવનમાં કયું સૂત્ર જડાઈ ગયેલું?
48. ગીગા ધાધલને સંતાનમાં કોણ કોણ હતું?
49. ગીગા ધાધલ ક્યા ગામના હતા?
50. ભગવાન શ્રીહરિએ પોતાના એકાંતિક ભક્ત ગીગા ધાધલ માટે વ્યવસ્થાની ભલામણ કોને કરી હતી?
51. શિવલાલભાઈ ધામમાં જવાના થયા ત્યારે કોને ગીગા ધાધલની સેવા માટે ખાસ ભલામણ કરેલી?

## પ્રસંગ ૮

52. સદ્‌ગુરુ અચિંત્યાનંદજી બ્રહ્મચારીના શિષ્યનું નામ શું હતું?
53. શાંતાનંદ બ્રહ્મચારી કોના શિષ્ય હતા?
54. શાંતાનંદ બ્રહ્મચારીએ પોતાના ગુરુને શું જમાડયું?
55. ગુરુના મુખે શું સાંભળીને શાંતાનંદ બ્રહ્મચારીનું હૃદય એક ધબકારો ચુકી ગયું?
56. શાંતાનંદ બ્રહ્મચારીએ ગુરુ આગળ અશ્રુભીની આંખે કઈ વાતનો પસ્તાવો વ્યક્ત કર્યો?
57. બ્રહ્મચારી અચિંત્યાનંદજીએ પોતાના શિષ્ય શાંતાનંદ બ્રહ્મચારીને કેવા આશીર્વાદ આપ્યા?